1. માનવસમાજ અને માનવેતર સમાજ વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરો.

- સમાજશાસ્ત્રી કિંસ્લે ડેવિસ સમાજને માનવસમાજ અને માનવેતર સમાજ એવા બે પ્રકારોમાં વહેંચે છે.
- માનવસમાજ : માનવસમાજમાં ભાષા, સહિયારાં મૂલ્યોનું રક્ષણ અને પોષણની વ્યવસ્થા, પ્રત્યાયન અને સામાજિક સંબંધોની ગૂંથણી એમ વિવિધ રીતે વિકસેલી સંસ્કૃતિ જોવા મળે છે. તેથી માનવસમાજને 'સામાજિકસાંસ્કૃતિક તંત્ર' કહેવામાં આવે છે.
- માનવેતર સમાજ : કીડી, ઊધઈ, મધમાખી, ઉરાંગ ઉટાંગ, ગોરીલા, ચિમ્પાન્ઝી વગેરે માનવેતર પ્રાણીઓના સમાજોમાં વસ્તીની જાળવણી, કાર્યવિભાજન, સમૂહઐક્ય વગેરે સામાજિક જરૂરિયાતો સંતોષવાની પદ્ધતિ આનુવંશિકતા ઉપર રચાયેલી છે. તેથી માનવેતર સમાજને 'જૈવિક સામાજિક તંત્ર' કહેવામાં આવે છે. માનવસમાજ અને માનવેતર સમાજ માં સમૂહજીવન અંગેની સમાનતા છે. સમૂહજીવન દ્વારા આ બંને સમાજના સભ્યો વસ્તીની જાળવણી, કાર્યવિભાજન અને સમૂહઐક્ય જેવી સામાજિક જરૂરિયાતો સંતોષે છે.

2. ભારતની જ્ઞાતિવ્યવસ્થા અંગે નોંધ લખો.

- 'જ્ઞાતિ' પણ સમૂહનો એક પ્રકાર છે, જ્ઞાતિવ્યવસ્થા ભારતની સમાજવ્યવસ્થાનો પાયો છે. એમ. એન. શ્રીનિવાસના મત પ્રમાણે, ભારતીય સમાજવ્યવસ્થાનું માળખું જ્ઞાતિપ્રથાને આધારે રચાયું છે. 'જ્ઞાતિ' એ હિન્દુઓનું સામાજિક સંગઠન છે.
- જ્ઞાતિનાં મૂળ પ્રાચીન કાળની વર્ણવ્યવસ્થામાં જોવા મળે છે. હિન્દુ સમાજમાં સ્તરરચના વર્ણના આધારે રચાયેલી હતી વર્ણવ્યવસ્થામાં ચાર વર્ષો હતા : બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને ચાર વર્ષોમાંથી ધીરે ધીરે અનેક વણાં અને એમાંથી અનેક તથા પેટાજ્ઞાતિઓ અસ્તિત્વમાં આવી. સમાજશાસ્ત્રી રિઝલેના મત પ્રમાણે ભારતમાં આશરે ત્રણ હજારથી વધુ મુખ્ય જ્ઞાતિઓ અસ્તિના ધરાવે છે. પ્રત્યેક જ્ઞાતિમાં જન્મ લેનારને તે જ્ઞાતિનો ધાર્મિક દરજ્જો મળે છે. પ્રત્યેક જ્ઞાતિ એક સ્વતંત્ર સામાજિક એકમ છે. લગ્ન, સગાઈ સંબંધો અને અન્ય સામાજિક વ્યવહારો પોતાની જ્ઞાતિ કે પેટાજ્ઞાતિમાં જ કરવામાં આવે છે.
- હિન્દુ ધર્મ જ્યાં પ્રચલિત છે તેવા દેશોમાં પણ જ્ઞાતિવ્યવસ્થા જોવા મળે છે. જ્ઞાતિવ્યવસ્થામાં દરેક જ્ઞાતિને પોતાનાં વંશપરંપરાગત વ્યવસાયો હતો. દા. ત., બ્રાહ્મણો ધાર્મિક વિધિ કરાવવાનું (કર્મકાંડન), દરજી કપડાં સીવવાનું, સોની સોનાચાંદીના દાગીના ઘડવાનું, કુંભારા માટીનાં વાસણો બનાવવાનું કામ કરતા. વર્તમાન સમયમાં આ જ્ઞાતિવ્યવસ્થામાં પરિવર્તન આવ્યું છે.
- આઝાદી પછી બંધારણ દ્વારા જ્ઞાતિઓ વચ્ચેની અસમાનતા દૂર કરાઈ છે. મોટામાં મોટું પરિવર્તન આર્થિક ક્ષેત્રે આવ્યું છે. જ્ઞાતિ અને વ્યવસાયનો જૂનો સંબંધ મોટે ભાગે નષ્ટ થયો છે. વિકસિત યંત્રવિજ્ઞાનની અસરને લીધે જૂના વ્યવસાયોમાં ઘણું પરિવર્તન આવ્યું છે.

3. સમાજમાં કઈ રીતે સામાજિક સંબંધો સ્થપાય છે?

- સામાજિક સંબંધોનું ક્ષેત્ર વિશાળ છે. તે વ્યક્તિ અને વ્યક્તિ વચ્ચે, વ્યક્તિ અને જૂથ વચ્ચે અથવા બે જૂથો વચ્ચેના હોઈ શકે છે. આ સંબંધો સહકાર, સ્પર્ધા કે સંઘર્ષ સ્વરૂપના હોય છે. સહકારના સંબંધો સામાજિક જીવનને સુલભ બનાવે છે, જ્યારે સંઘર્ષ અને સ્પર્ધા સ્વરૂપના સંબંધો સાર્વત્રિક રીતે જોવા મળે છે. સામાજિક સંબંધો કૌટુંબિક,

આર્થિક, ધાર્મિક, રાજકીય કે અન્ય પ્રત્યક્ષ કે પરોક્ષ સ્વરૂપના હોય છે. વ્યક્તિઓ વચ્ચેની સભાનતાપૂર્વકની આંતરક્રિયાથી સામાજિક સંબંધો સ્થપાય છે.

## 4. 'ખ્યાલ' કે 'વિભાવના' એટલે ?

- ખ્યાલો કોઈ પણ વિજ્ઞાનના અભ્યાસનાં બૌદ્ધિક સાધનો છે. કોઈ પણ વિજ્ઞાનને સમજવા માટે તે તેના અભ્યાસના વિષયોને કઈ વિભાવનાઓથી તપાસે છે, તેનું જ્ઞાન મેળવવું પડે છે. દરેક વિજ્ઞાનની ભાષા, તેના ચોક્કસ ખ્યાલોની બનેલી હોય છે.
- ખ્યાલો એટલે પ્રત્યેક વિજ્ઞાને પસંદ કરેલા વિશિષ્ટ અર્થ સૂચવતા શબ્દો કે જેની મદદથી દરેક વિજ્ઞાન પોતાની અભ્યાસસામગ્રીનું અર્થઘટન અને રજૂઆત કરે છે.ખ્યાલ દરેક ઘટનાને સૂચવતી તાર્કિક રચના છે.દરેક વિજ્ઞાનના ખ્યાલો ચોક્કસ, અર્થપૂર્ણ અને જ્ઞાનેન્દ્રિયો દ્વારા ચકાસી શકાય અને તે ઘટનાને સમજાવી શકે તેવા હોય છે.આથી ખ્યાલોને 'વૈજ્ઞાનિક પરિભાષા' કહે છે.સમાજશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન તરીકે સામાજિક ઘટનાઓને તપાસવા, તેનું અધ્યયન અને અર્થઘટન કરવા ચોક્કસ ખ્યાલો ધરાવે છે.સમાજ, સમુદાય, સમૂહ, મંડળ, મૂલ્યો, ધોરણો, સંસ્કૃતિ, દરજ્જાઓ અને ભૂમિકાઓ, સામાજિક ક્રિયા, સામાજિક વર્ગ, કાર્ય સામાજિક નિયંત્રણ, સામાજિક પરિવર્તન વગેરે સમાજશાસ્ત્રના મુખ્ય ખ્યાલો છે.

## 5. સમાજશાસ્ત્રીય સંદર્ભમાં સામાજિક સમૂહનાં લક્ષણો જણાવો.

- સામાજિક સમૂહો એટલે એવી વ્યક્તિઓ કે જેમનામાં સમાન પ્રકારના હોવાની સભાનતા હોય અને એક સહિયારા ઉદેશ કે હેતુથી એકબીજા સાથે આંતરક્રિયા કરે. કુટુંબ, પડોશજૂથ, મિત્રસમૂહો, ધાર્મિક સમૂહો, રાજકીય સમૂહો, સગપણસમૂહો, પરિચિતોના સમૂહો, વર્ગખંડસમૂહો, પ્રેસ કસમૂહો, એક જ બસના સહપ્રવાસીઓ, રમતસમૂહો વગેરે સામાજિક સમૂહો છે.
- એકબીજા સાથે માત્ર હળવી વાતચીતથી સંકળાયેલી વ્યક્તિઓથી માંડીને એકબીજા સાથે નિકટતાભર્યા સંબંધથી જોડાયેલી વ્યક્તિઓ પણ 'સામાજિક સમૂહો' કહેવાય છે.સમાન પ્રકારના હોવાની સભાનતા અને સામૂહિક ધ્યેયની પૂર્તિ માટે એકબીજા સાથે આંતરક્રિયામાં આવનાર વ્યક્તિઓને 'સામાજિક સમૂહ' કહે છે. સમૂહનાં લક્ષણો : સમાજશાસ્ત્રીય દષ્ટિકોણથી 'સમૂહ'નાં ચાર લક્ષણો નીચે પ્રમાણે છે :

  1. બે કે તેથી વધારે વ્યક્તિઓ : બે કે બેથી વધુ વ્યક્તિઓ સમૂહ 'જૂથ'નું અનિવાર્ય લક્ષણ છે. એક વ્યક્તિનું જૂથ ન કહેવાય. જૂથમાં વધુમાં વધુ કેટલી વ્યક્તિઓ હોય તેની કોઈ મર્યાદા નથી. દા. ત., મિત્રજુથ, પતિપત્નીનું જૂથ, રમતજૂથ.

  2. સમાન હોવાની સભાનતા : દરેક સામાજિક સમૂહના સભ્યો 'સમાન' હોવાની લાગણી ધરાવે છે. તેઓ સમૂહના અન્ય સભ્યોને પોતાનાઅને સમૂહની બહારના લોકોને 'પરાયા' ગણે છે. દા. ત., સમાન જ્ઞાતિ, ધર્મ કે કોમના સભ્યો.

  3. સામૂહિક પ્રકારનો ઉદ્દેશ કે હેતુ : સમૂહ કે જૂથના સભ્યોનો ઉદેશ અથવા હેતુ સમાન હોય છે. જૂથના સભ્યો સમાન હેતુ સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે. દા. ત., વર્ગખંડમાં ભણતા વિદ્યાર્થીઓનું જૂથ, પ્રેક્ષકસમૂહ.

  4. સામાજિક આંતરક્રિયા : સમૂહ કે જૂથના સભ્યો વચ્ચે આંતરક્રિયા હોવી જરૂરી છે. જૂથના સભ્યો વચ્ચે સભાનતાપૂર્વકના પરસ્પરાવલંબી સંબંધો હોય છે. જૂથમાં આંતરક્રિયા સહકારના પાયા પર રચાયેલી હોય છે.

દા. ત., 'સાક્ષરતા અભિયાન' રેલીમાં સૂત્રો પોકારતી વ્યક્તિઓ, સ્વચ્છતા અભિયાનમાં જોડાયેલી વ્યક્તિઓ.

### 6. મંડળની વિભાવના સ્પષ્ટ કરો.

- મંડળ એ સામાજિક સમૂહ છે કે જેમાં લોકો સહિયારા હિતને પૂર્ણ કરવા માટે સભાન રીતે કોઈ ચોક્કસ સંગઠિત રીત પ્રમાણે પરસ્પર આંતરક્રિયા કરે છે. વ્યવસ્થિત અને સંગતિ સ્વરૂપના સહકારમાંથી 'મંડળ'ની રચના થાય છે. 'મંડળ'ની આંતરક્રિયા ચોક્કસ ધોરણો પ્રમાણે નક્કી થયેલા દરજ્જા અને ભૂમિકાને આધારે સંચાલિત થાય છે. 'મંડળ' એ વિશિષ્ટ હિતો સાધવા માટે માનવીઓએ સભાનતાપૂર્વક અને યોજનાપૂર્વક વિકસાવેલું જૂથ છે. દા. ત., કામદારમંડળ, યુવકમંડળ, મહિલામંડળ, વેપારી મંડળ, શિક્ષકમંડળ, જ્ઞાતિમંડળ, કર્મચારી, મંડળ, વિદ્યાર્થીમંડળ, ખેડૂતમંડળ, રાજકીય પક્ષ વગેરે.

### 7. સામાજિક દરજ્જો અને ભૂમિકાનો ખ્યાલ સમજાવો.

- સામાજિક દરજ્જો અને ભૂમિકા સમાજરચનાના પરસ્પર સંબંધિત મૂળભૂત એકમો છે. દરજ્જામાં વ્યક્તિ હકો અને વિશેષાધિકારો ધારણ કરે છે અને ભોગવે છે, જ્યારે ભૂમિકા વ્યક્તિના હકો અને વિશેષાધિકારો ભોગવવાની રીતનો ઉલ્લેખ કરે છે. દરજ્જો તુલનાત્મક રીતે સ્થિર છે, જ્યારે ભૂમિકા દરજ્જાનું કાર્ય કરે છે. ભૂમિકા દરજ્જાનું વર્તનાત્મક પાસું છે. અર્પિત દરજ્જો જન્મથી મળે છે, જ્યારે પ્રાપ્ત દરજ્જો વ્યક્તિ સ્વપ્રયત્નથી મેળવે છે, પરંતુ આ દરજ્જાઓ સાથે જોડાયેલી ભૂમિકાઓ વ્યક્તિએ શીખવી પડે છે.
- દરજ્જાનું મૂલ્યાંકન વ્યક્તિને મળેલા હકો અને વિશેષાધિકારોના આધારે થાય છે, જ્યારે ભૂમિકાનું મૂલ્યાંકન વ્યક્તિ પોતાની ફરજો કઈ રીતે બજાવે છે અને તેને મળેલો હકો કેવી રીતે ભોગવે છે તેના આધારે થાય છે.